યાત્રા, ચત્તારી–અટ્ઠ–દશ–દોય, બીજી પોરસીનું પાણી અને બીજી પોરસીનો આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ વર્ષોથી, તપની સાથે નમસ્કાર મહામંત્રનો કરોડોનો જાપ–વર્ધમાન વિદ્યા, સૂરિમંત્ર આદિનો લાખોની સંખ્યામાં વિધિપૂર્વક જાપ, શ્રી વીશસ્થાનકના ૪૦૦ ઉપવાસની સતત એકાંતર આરાધના, જેસલમેર–મારવાડ–ચોરવાડ–કચ્છ વગેરેની પંચતીર્થી તથા સમેતશિખર, શંખેશ્વર, ભોંયણી, પાનસર, સેરીસા આદિ અનેક તીર્થોની યાત્રા, ધર્મચક્ર તપ–એકાંતર, ૯૨ વર્ષની વયે ૯૬ જિનની આરાધના તેમ જ તેઓશ્રીની નિશ્રામાં સુરત શ્રી વાસુપૂજ્યસ્વામી આદિ ૧૦૨ જિનબિંબોની પ્રતિષ્ઠા, પાલીતાણામાં ઉપધાનો, યાત્રાસંઘો વગેરે અનેક ધર્મકાર્યો સંપન્ન થયાં છે. એવા એ મહાતપસ્વી ગુરુભગવંતને પુનઃ પુનઃ વંદન ! (તા. ક. પૂજ્યશ્રીનો સ્વર્ગવાસ પાલનપુરમાં વિ. સં. ૨૦૪૮માં થયો છે.)

### સિદ્ધિતપના અદ્વિતીય પ્રેરક–પ્રભાવક અને વચનસિદ્ધ મહાત્મા

## પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ

સંઘ, સમાજ અને શાસનનું કેવળ હિત જ લક્ષમાં રાખીને અનેક શાસનોપયોગી માંગલિક કાર્યોમાં જેમના યશસ્વી હાથે હંમેશાં વિક્રમ જ સર્જાયા છે, પછી તે અંજનશલાકા હોય કે વિવિધ તપશ્ચર્યા હોય, પણ આત્મસૂઝ, વિશિષ્ટ નિર્ણાયક શક્તિ, અનુપમ પ્રતિભા ધરાવનાર સૌમ્યમૂર્તિ તે આપણા શાસનપ્રભાવક અને વચનસિદ્ધ પ. પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ. જ્યાં જ્યાં તેઓશ્રીએ ચાતુર્માસ કર્યાં છે ત્યાં ત્યાં તપધર્મની હંમેશાં વસંત ખીલી ઊઠી છે. જેઓશ્રીના મંગલ સાંન્નિધ્યમાં નમસ્કાર મહામંત્રના કરોડોની સંખ્યામાં જાપ થયા છે. જૈનશાસનની એકતાના સ્તંભ સમા પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મહારાજનું સં. ૨૦૪૪નું ભાવનગરનું ચોમાસું યાદગાર બની રહેશે. તેમાં વિશ્વરેકોર્ડ રૂપ સિદ્ધિતપની મહાન તપશ્ચર્યા થઈ–૮૦૦ આરાધકોનો ભક્તિરંગ સોળે કળાએ ખીલી ઊઠ્યો. આ સમય દરમિયાન પાંજરાપોળ માટે હજારો રૂપિયાનું ફંડ થયું. અનુકંપા, અભયદાન અને સાધર્મિકતા ક્ષેત્રોને પણ યાદ કર્યાં. સંઘજમણો અને મોટી સંખ્યામાં સંઘપૂજનો થયાં. ધર્મધ્વજ લહેરાવીને વિનાવિઘ્ને અખંડ તપશ્ચર્યા પૂર્ણ કરાવી.

પુણ્યવંતા પુરુષોનાં પાવન પગલાંથી પવિત્ર બનેલી સૂર્યપુર (સુરત)ની ધરતીમાં સુપ્રતિષ્ઠિત ખીમચંદ સ્વરૂપચંદ સંઘવીનું ધર્મિષ્ઠ કુટુંબ રહે. ખીમચંદભાઈના બે પુત્રો : ચીમનભાઈ તથા ચુનીભાઈ. સમજી લ્યો કે, રામલક્ષ્મણની અતૂટ જોડી. શ્રી ચીમનભાઈનાં ધર્મપત્ની કમળાબહેન ધર્મલક્ષ્મીના સાક્ષાત્ અવતાર. એમની કુક્ષીએ ચાર પુત્રના જન્મ બાદ સં. ૧૯૮૪ના મહા સુદ ૯ના પુણ્યદિને એક પુત્રરત્નનો જન્મ થયો. જાણે કોઈ દેવબાળ માનવીને દેવસ્વરૂપ બનાવવા અવનીતલ પર આવ્યો હોય નહિ ! 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ લોકોક્તિ અનુસાર બાળપણથી જ તેમનું નામ પાડવામાં આવ્યું 'સુરવિંદચંદ.' જાણે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભવિષ્યમાં સિદ્ધ થનાર ધર્મશૂરવીરતાનું સંકેત ન આપતું હોય! નામ તો માત્ર સ્થાપન રૂપે જ રહ્યું; પૂર્ણ દેહલાલિત્ય અને શ્વેત વાનને કારણે તેઓ "લાલા" તરીકે સમગ્ર સુરતમાં ખ્યાતિ પામ્યા. સમય જતાં વ્યાવહારિક અભ્યાસ સાથે માતા–પિતાના ધાર્મિક સંસ્કારોથી પણ વાસિત થવા લાગ્યા. યોગાનુયોગે સં. ૧૯૯૩માં પૂ. શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મહારાજ તથા ઉપા. શ્રી કસ્તૂરવિજયજી ગણિવરનું સુરત–વાડીના ઉપાશ્રયે ચાતુર્માસ થતાં તેઓશ્રીની વૈરાગ્યસભર વાણી અને સતત પ્રેરણાથી 'લાલા'નો આત્મા સંસારની ઉપરછલ્લી લાલાશને જાણી જાગી ઊઠ્યો. પરિણામે, નિશાળમાં કે સંસારમાં ક્યાંય ચેન પડતું નહીં. ઘરેથી નીકળે નિશાળે જવા, પણ પહોંચી જાય ઉપાશ્રયે— અને જ્યાં રજાનો ડંકો સંભળાય એટલે ઉપાશ્રયથી બાળકો સાથે બાળસહજ તોફાનમસ્તી કરતાં કરતાં ઘર ભેગા થાય. જેથી કોઈને ખ્યાલ ન આવે કે લાલો નિશાળે જાય છે કે ઉપાશ્રયે! કેવી સંયમ લેવાની તીવ્રતા! ત્યાર પછી પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ આદિના સમાગમમાં આવતાં તેમને સતત સંસારની અસારતા અને સંયમની મહત્તાનો ખ્યાલ આવતો ગયો પછી તો મરણાંતકષ્ટ જેવી ટાઈફોઈડની ભયંકર બીમારી પ્રબળ અશાતાવેદનીય કર્મના ઉદયે આવતાં, જીવનની પણ આશા રહી નહિ. આવા કાળમાં તેમણે મનોમન નિશ્ચય કર્યો કે, તબિયત પૂર્વવત્ સારી થઈ જતાં કોઈપણ સંજોગોમાં સંયમ સ્વીકારીશ. આમ, ભયંકર બિમારી જીવનની અનુપમ તાજગીમાં નિમિત્ત બની!

સ્વાસ્થ્ય અનુકૂળ થતાં જ, 'કુટુંબીજનો મોહ, મમત્વના કારણે સંયમ માટે અનુમતિ નહીં આપે.' એવી ધારણાથી કોઈને જણાવ્યા વગર ઘરેથી નીકળી પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાન-સૂરિજી મહારાજ વિહાર કરીને જે ગામમાં ગયા હતા ત્યાં પહોંચીને અભ્યાસ કરવા લાગ્યા. કુટુંબીજનોએ ચારે બાજુ તપાસ આદરી. સમાચાર મળતાં જ પાછા ઘેર તેડી લાવ્યા. સંસારમાં નાખવા વિવાહની વાતો કરવા લાગ્યા. પણ આ તો 'લાલા' અને પાછા 'સુરવિંદ' —એ આવી વાતોથી ડગે કાંઈ! તેમની જેવી સંયમની તીવ્ર ભાવના, તેટલી જ સામે તીવ્ર અસંમતિ. એમાંથી કોઈ મચક ન આપે. એ સમયે ભવિતવ્યતાના યોગે 'મા કમળા' જીવલેણ બીમારીમાં પડ્યાં. અને એમના મનમાં વિચાર આવ્યો કે મેં જીવનમાં ઘણા લાભ લીધા, પરંતુ કોઈની 'છાબ' માથે લીધી નથી. તો શું હું છાબ માથે લીધા વિના જ ચાલી જઈશ? કુટુંબને એકઠું કરીને પોતાની ભાવના જણાવી. વાત સાંભળતાં જ તરવરિયા યુવાન સુરવિંદે યોગ્ય અવસર પારખીને, ખમીરભર્યા સૂરથી પોતાનો સૂર પૂરી, પોતાની ભાવના જાહેર કરી—અને સંમતિ મળી ગઈ. સુરવિંદનો મનમયૂર નાચી ઊઠ્યો. આનંદવિભોર લાલાની લાલિમા મુખારવિંદ પર ચમકી ઊઠી!

'લાલા' બને છે 'લાલા મહારાજ' : માતા કમળાબેનની તબિયત લક્ષમાં રાખીને નજીકનાં જ મુહૂર્ત જોવરાવવામાં આવ્યાં. સં. ૨૦૦૦ના માગશર વદ ૧નું શુભ મુહૂર્ત નક્કી થવા છતાં ય કેટલાંક સગાં–સ્નેહીજનો સ્વકીય સામાન્ય સ્વાર્થને સિદ્ધ કરવા સુરવિંદને સમજાવવા લાગ્યા. પણ શાશ્વત સુખનો અભિલાષી આ શૂરવીર આત્મા સંસારનાં ક્ષણિક સુખોમાં અટવાય

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ! સૂર્યપુરના આંગણે છેલ્લાં કેટલાંય વર્ષોથી આવી યુવાનવયે દીક્ષા થયાનો પ્રસંગ આવ્યો ન હતો. તેથી લોકોમાં અનેરા ઉત્સાહનું વાતાવરણ સર્જાયું. દીક્ષાનો વરઘોડો માગશર વદ ૧ના દિવસે છેક બપોરે ૧ વાગ્યા બાદ શ્રી રત્નસાગરજી હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં ઊતર્યો. લોકોના અદમ્ય ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણમાં દીક્ષાપ્રસંગ સંપન્ન થયો. શ્રી સુરસિંહ મુનિશ્રી ચંદ્રોદયવિજયજી નામે પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય જાહેર થયા. છતાં ય લોકો તો તેઓશ્રીને 'લાલા મહારાજ' તરીકે જ ઓળખતા. આજે પણ સુરતના લોકો તેમને એ જ નામે ઓળખે છે. સંયમ સ્વીકાર્યા બાદ તે જ વર્ષે ફાગણ સુદ પાંચમે વડી દીક્ષા થઈ. સંયમપર્યાયના દિવસો વીતતાં જ તેઓશ્રીમાં દિનપ્રતિદિન ગુરુસમર્પણ આદિ વિશિષ્ટ ગુણોની પણ વૃદ્ધિ થવા લાગી. તે એટલે સુધી કે પૂજ્ય ગુરુદેવશ્રી સેવાશુશ્રૂષામાં, તેઓશ્રીના અંતિમ શ્વાસ પર્યંત પોતાનું સમર્થ વ્યક્તિત્વ, પ્રબળ પુણ્યાઈ તેમ જ વિશાળ શિષ્યપરિવાર હોવા છતાં ય પૂ. ગુરુદેવની નિશ્રા છોડી નહીં. એટલું જ નહિ, તેઓશ્રીની નાની કે મોટી આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરવા સાથે હરહંમેશ ગુરુભક્તિ બજાવવા સદાય તત્પરતા દાખવી. તેથી જ તેઓ ગુરુકૃપાપાત્ર બનવા સાથે જ્ઞાનગંગાસ્વરૂપ ગુરુદેવશ્રીની નિશ્રામાં પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય આદિ વિષયો સાથે આગમનું અને કર્મસાહિત્યનું તાત્ત્વિક જ્ઞાન–રહસ્ય મેળવી શક્યા. સાથોસાથ પૂ. ગુરુદેવની વ્યવહારકુશળતા તેમ જ પૂ. ગુરુદેવના ધર્મરાજાના ગુણોનો સંક્રમ તેઓશ્રીમાં થયો. તેથી આજે પણ કટોકટીભર્યા પ્રસંગે વ્યવહારુ નિર્ણયો લેવાની કુનેહ તેમ જ શાસનપ્રભાવનાની અનેક પ્રવૃત્તિમાં પઠન–પાઠન–વાચનાદિ વિદ્યાવ્યાસંગ જળવાઈ રહ્યો છે. આજે પૂજ્યશ્રી ઉન્નતિની ટોચે બિરાજે છે તે ગુરુસમર્પણથી પ્રાપ્ત પૂજ્ય ધર્મરાજા ગુરુદેવશ્રીની પૂર્ણ કૃપાનું જ અનુપમ ફળ છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી.

વ્યાખ્યાનવાચસ્પતિ મુનિ : પૂજ્ય દાદાગુરુ આચાર્યશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજની નિઃસ્પૃહતા અને પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપમ જ્ઞાનોપાસનાની પ્રવૃત્તિના કારણે દીક્ષાપર્યાયમાં અલ્પ વર્ષોમાં જ સમુદાયની તેમ જ વ્યાવહારિક પ્રવૃત્તિઓનો સર્વ બોજ તેઓશ્રીના શિરે આવી ગયો. તેથી પૂ. વડીલોની આજ્ઞાથી સં. ૨૦૦૯માં જાવાલથી ઉગ્ર વિહાર કરી અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે સૌ પ્રથમ ચાતુર્માસ કર્યું. કહેવાય છે કે ત્યારે પૂજ્યશ્રીની વૈરાગ્યસભર વાણી સાંભળવા ભાવિકોની અપૂર્વ ભીડ જામતી. કારણ કે વર્ણનીય પ્રસંગનું તાદૃશ ચિત્ર ખડું કરી શ્રોતાઓને રસતરબોળ કરી દેવાની, હકીકતોને સચોટ અને સરળ રીતે રજૂ કરવાની, યથાપ્રસંગ પ્રોત્સાહિત કરવાની તેઓશ્રીમાં અજોડ શક્તિ છે. તેથી જ તેઓશ્રીની અમૃતવાણી સાંભળવી એ જીવનનો લ્હાવો ગણાય છે. તેઓશ્રીની વાણીમાં પ્રાચીનતા તેમ જ આધુનિકતા, આગમિક અને વ્યાવહારિક દૃષ્ટાંતો, તાત્ત્વિક–માર્મિક અને સર્વજનગ્રાહ્ય પદાર્થોનો સમન્વય હોવાથી તેઓશ્રીનાં પ્રવચનો કેવળ સુશ્રાવ્ય ન રહેતાં ચિંતનીય અને મનનીય પણ બની રહે છે. આવી સંવેગસભર વાણીથી અનેક આત્માઓ ધર્મસન્મુખ બનવા સાથે સંસારની અસારતા, માનવભવની મહત્તા, સંયમજીવનની યથાર્થતા જાણીને અણગાર ધર્મના માર્ગે આત્મકલ્યાણ સાધી રહ્યા છે. આવી ધર્મપ્રેરક વ્યાખ્યાનશૈલીથી તેઓશ્રી 'વ્યાખ્યાન–વાચસ્પતિ' તરીકે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જબ્બર લોકચાહના મેળવી શક્યા છે. લોકો આજે આદેયવચનવંતનો પ્રત્યેક બોલ ઝીલી લેવા સદાય હોંશપૂર્વક તૈયાર રહે છે.

શાસનદીપક આચાર્યશ્રી : પૂજ્યશ્રીમાં અનેકવિધ આત્મશક્તિ નિહાળી સં. ૨૦૧૧માં પૂનામાં ગણિપદ, ઘાટકોપર–મુંબઈમાં પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા. તે દરમિયાન ઉપધાન, દીક્ષા, પ્રતિષ્ઠા, સામૂહિક તપશ્ચર્યાઓ આદિ ધર્મકાર્યો વિપુલ સંખ્યામાં થયાં. વિવિધ શાસનપ્રભાવનાથી વિવિધ પ્રવૃત્તિઓ કરવાની વિશિષ્ટ શક્તિથી જુદાં જુદાં ગામ–શહેરોમાં ચાતુર્માસ તથા શેષ કાળમાં શાસનપ્રભાવના કરતા જ રહ્યા છે. તેઓશ્રી જ્યાં વિરાજમાન હોય ત્યાં ચોથો આરો વર્તે એવી લોકવાયકા પ્રસિદ્ધ થઈ ! સં. ૨૦૨૪ના પોષ વદ ૯ને દિવસે જન્મભૂમિ સુરતમાં તેઓશ્રીને ઉપાધ્યાયપદથી અલંકૃત કરવામાં આવ્યા. ત્યાર બાદ શાસનનાં અનેકવિધ કાર્યો કરવાની તેઓશ્રીની અમોઘ શક્તિને જાણીને, સૂરિપદ માટેની પ્રૌઢતા અને યોગ્યતા જાણીને સં. ૨૦૨૯ના માગશર સુદ બીજને શુભ દિને સુરેન્દ્રનગર મુકામે આચાર્યપદે વિરાજિત કરવામાં આવ્યા.

સંયમીના પગલે પગલે : તેઓશ્રીએ સંયમ સ્વીકારતાં જ તેઓશ્રીના સંસારી–સંબંધીઓમાં સંયમ સ્વીકારવાનો સ્રોત શરૂ થયો. તેઓશ્રીના પગલે પગલે તેમના સંસારી વડીલબંધુ શ્રી અમરચંદભાઈ તે મુનિશ્રી અશોકચંદ્રવિજયજી, સં. ૨૦૦૭માં સંસારી પિતા શ્રી ચીમનભાઈ તે સ્વ. મુનિશ્રી પ્રસન્નચંદ્રવિજયજી, સં. ૨૦૧૪માં સંસારી વડીલબંધુ શ્રી શાંતિભાઈના સુપુત્ર હેમંતકુમાર તે હાલ મુનિશ્રી સોમચંદ્રવિજયજી સં. ૨૦૨૫માં સંસારી વડીલબંધુ શ્રી શાંતિભાઈની સુપુત્રી કુ. નયનાબહેન તે હાલ સાધ્વીશ્રી યશસ્વિનીશ્રીજી તરીકે ચારિત્ર્યધારી બન્યાં.

પૂ. આચાર્યશ્રી હસ્તે મહત્ત્વનાં શાસનકાર્યો : પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અનેક સ્થાનોએ અંજનશલાકા–પ્રતિષ્ઠાના મહોત્સવો પ્રભાવનાપૂર્વક ઊજવાયા છે; જેમાં મુંબઈ–માટુંગા, મુલુન્ડ, ચોપાટી, જોગેશ્વરી, વાલકેશ્વર (આદીશ્વર), બાબુલનાથ, ભાયખલા; અમદાવાદ–સાબરમતી, પાંજરાપોળ, ગિરધરનગર, સોમેશ્વરા કોમ્પ્લેક્સ (સેટેલાઈટ રોડ); સુરત–શાહપુર, રાંદેર રોડ, સૂરજમંડન પાર્શ્વનાથ; ભાવનગર–દાદાસાહેબ તેમ જ નાગેશ્વર તીર્થ, ગઢ (બનાસકાંઠા), સુરેન્દ્રનગર શ્રી વાસુપૂજ્યસ્વામી શતાબ્દી મહોત્સવ, અમરેલી, પાલીતાણા–જિનહરિવિહાર, આરિસાભવન, ધર્મશાંતિ આરાધના ભવન, ૧૦૮ સમોવસરણ મહાવીરસ્વામી જિનપ્રાસાદ અને પીપરલા–કીર્તિધામ વગેરે કુલ ૨૫ અંજનશલાકા અને ૧૨૫ ઉપરાંત નાનીમોટી પ્રતિષ્ઠાઓ કરાવેલ છે. એવા મહાન શાસનપ્રભાવક સાધુવરને કોટિશ: વંદન !

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org